# <u>શરતો</u>

## કાર્યપાલક ઇજનેરશ્રી, પાનમ યોજના વિભાગ, ગોધરાની કચેરીને એક વર્ષના ગાળા દરમ્યાન ઝેરોક્ષ/ સ્પાયરલીંગ કામગીરી

(૧) ભાવ ભરનાર એજન્સીએ સ્થાનિક ધંધાના પુરાવા માટે મ્યુનીસીપાલીટીનું ૨૦૨૬ ના વર્ષનું રજીસ્ટ્રેશન તથા પાનકાર્ડ સ્કેન કોપી ઇલેક્ટ્રિક ફોર્મેટમાં ડોક્યુમેન્ટ અપલોડ કરવાના રહેશે અને ફિઝીકલ ડોક્યુમેન્ટ સાથે અચૂક સાદર કરવાના રહેશે.

(૨) જેની તરફેણમાં ટેન્ડર લાગશે તેમણે ભાવ ભરેલા ટેન્ડરની સાથે શીડ્યુલ બેંકની જણાવેલ અનામતની રકમ રૂ.૧,00,000/- ની એફ.ડી.આર. (૩૬૦ દિવસની મુદતની ) “કાર્યપાલક ઇજનેરશ્રી, પાનમ યોજના વિભાગ, ગોધરા” ના નામની સામેલ કરવાની રહેશે.

(૩) બાનાની રકમ રૂ.૧,00,000/- શીડ્યુલ બેંકની એફ.ડી.આર.ના સ્વરૂપ સિવાયનું કોઇ પણ ટેન્ડર ગ્રાહ્ય રાખવામાં આવશે નહી અને રદબાતલ ગણવામાં આવશે.

(૪) ઝેરોક્ષની કામગીરી ટેન્ડર કરાર કરનારે/ ભાવો ભરનારે પોતાના મશીનો/ યંત્રો મારફત કરવાની રહેશે.

(૫) આ વિભાગના પ્રતિનિધિ તમારે ત્યાં ઝેરોક્ષની કામગીરી અર્થે આવે ત્યારે ખરાબ વર્તન કરવું નહી.

(૬) કચેરીની જરૂરીયાત/ અરજન્સી પ્રમાણે ઝેરોક્ષની કામગીરી કરી આપવાની રહેશે. હાઇકોર્ટના કેસોની કામગીરી તાત્કાલીક / રૂબરુ કરવાની રહેશે.

(૭) ઝેરોક્ષની કામગીરી સ્વચ્છ અને વ્યવસ્થિત રીતે સેટ પાડીને સ્ટેપ્લર મારીને કરી આપવાની રહેશે તથા તેમાં જો ખામીઓ આવશે તો સદર કામગીરીનું ચુકવણું કરવામાં આવશે નહી.

(૮) ઝેરોક્ષની કામગીરી જે.કે. કોપીયર અથવા સનલીટ બોન્ડ પેપર ઉપર કરવાની રહેશે. રનીંગ સ્ટેશનરી ઉપર કરેલ ઝેરોક્ષ કામ ગ્રાહ્ય રાખવામાં આવશે નહી.

(૯) ઝેરોક્ષ મશીન બંધ હોય અથવા રીપેરીંગ હેઠળ હોય ત્યારે કામગીરી કરવાની જવાબદારી ટેન્ડર કરાર કરનારની રહેશે. જો તેમ કરવામાં નિષ્ફળ જશો તો ઝેરોક્ષની કામગીરી અત્રેની કચેરી દ્વારા અન્ય સ્થળેથી કરાવવામાં આવશે તથા સદર કામ ટેન્ડર કરાર કરનારના બીલમાંથી વસુલ કરવામાં આવશે.

(૧૦) ઝેરોક્ષ કામગીરી અત્રેની કચેરી તથા અત્રેની કચેરી હેઠળની પેટા કચેરીઓની સાથે કરવાની રહેશે તથા ઝેરોક્ષ કામગીરીનું બીલ જે તે કચેરીમાં રજુ કરવાનું રહેશે.

(૧૧) માસિક બીલ બીજા મહિનાની પાંચ તારીખ પહેલા ત્રણ નકલમાં કચેરીમાં મોકલી આપવું.

(૧૨) ઝેરોક્ષની કામગીરીના બીલનું ચુકવણું ગ્રાન્ટ/ શાખપત્ર ઉપલબ્ધ થયેથી કરવામાં આવશે. જેથી ખાસ નોંધ લેવી.

(૧૩) સરકારશ્રીના વખતોવખત બહાર પડતા નિયમો ટેન્ડર ભરનારને બંધનકર્તા રહેશે.

(૧૪) આ કરારમાં કોઇ પણ જોગવાઇ હોય તેમ છતાં કોઇ પણ કારણ દર્શાવ્યા સિવાય સક્ષમ સત્તા/ કચેરી એજન્સીને એક માસની નોટીસ આપીને કરારનો અંત લાવી શકશે.

(૧૫) ભરેલા ભાવો વર્કેબલ ન હશે તો બાનાની રકમ જપ્ત કરવામાં આવશે.

(૧૬) કોઇપણ એક અગર બધા જ ભાવપત્રક મંજુર / નામંજુર કરવાનો હક્ક કાર્યપાલક ઇજનેરશ્રીનો અબાધિત રહેશે.

(૧૭) ઉપરની તમામ શરતો વાંચી, સમજી, વિચારીને ભાવો ભરવા, પાછળથી તકરાર ચાલશે નહી.

(૧૮) કોઇ પણ લવાદનું કેન્દ્ર ગોધરા ખાતે રહેશે.

(૧૯) ઝેરોક્ષની કામગીરી માટે ઇજારદારશ્રીએ અત્રેની કચેરીમાં દરરોજ રૂબરુમાં આવી ઝેરોક્ષ અંગેના કાગળો વગેરે લઇ કામગીરી કરી પાછા અત્રેની કચેરીમાં સંબંધિતના ટેબલ ઉપર કર્મચારીને પરત આપવાના રહેશે જેની ખાસ નોંધ લેવી.

(૨૦) શીડ્યુલ ‘બી’ માં દર્શાવેલ તમામ આઇટમોના ભાવ ભરવાનો રહેશે. જેની ખાસ નોધ લેવી.

(૨૧) શીડ્યુલ-બી મુજબની કોઇપણ આઇટમ અપોષણક્ષમ ભાવો ભરવામાં આવશે તો કરારની શરતો મુજબ આપે ભરેલ ભાવ મુજબની કામગીરી સંતોષકારક પુર્ણ કરી આપવાની રહેશે.અન્યથા ભરેલ ડિપોઝીટની રકમ જપ્ત કરી લેવામાં આવશે.જેની નોંધ લેવી.

(૨૨) ઝેરોક્ષ અંગેની કોઇ પણ પ્રકારની ફરીયાદ જણાશે તો કોઇ પણ નોટીસ આપ્યા વગર ટેન્ડર રદ કરી દેવામાં આવશે. જેની ખાસ નોંધ લેવી.

(૨૩) ભાવો તમામ ટેક્સો સહિતના ભરવાના રહેશે. જેવા કે વેટ, જીએસ.ટી. ઇન્કમ ટેક્ષ વગેરે અને ટેકસ પ્રત્યેની તમામ જવાબદારી ઇજારદારશ્રીની પોતાની રહેશે.

ઉપર ટેન્ડર ફોર્મની તમામ શરતો મેં વાંચેલ છે અને તેને માન્ય રાખી મેં ઉપર જણાવેલ ભાવો ભરેલ છે. ટેન્ડર મંજુર થયેથી આ શરતોને આધિન કરારખત કરી આપી તમામ શરતોનું પાલન કરવાની બાંહેધરી સાથે કાર્યપાલક ઇજનેરશ્રી, પાનમ યોજના વિભાગ, ગોધરાની કચેરીને એક વર્ષના ગાળા દરમ્યાન ઝેરોક્ષ / સ્પાઇરલીંગ કામગીરીની સેવાઓ પુરી પાડવા હું / અમો સંમત છીએ.

એજન્સીનું નામઃ<br>
અધિકૃત પ્રતિનિધિનું નામઃ<br>
હોદ્દો અને સહીઃ-

કાર્યપાલક ઇજનેર<br>
પાનમ યોજના વિભાગ<br>
ગોધરા